૮.૩૫ લાખની કિંમતના ચોરીના ૭૬ મોબાઇલ સાથે એક ઝડપાયો.

વેડ રોડની મોબાઇલ શોપમાં થયેલી ૨૦ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો.

તા. ૦૧/૦૩/૨૦૧૭

સપ્તાહ પહેલા વેડરોડની મોબાઇલ શોપમાંથી રૂપિયા ૨૦.૨૫ લાખની કિંમતના ૨૫૦ મોબાઇલ ચોરાઇ ગયા હતા. અમરોલી પોલીસે આ ચોરીનો ભેદ ઉકેલી નાંખી કોસાડ આવાસથી એક આરોપીને ચોરીના ૭૬ મોબાઇલ સાથે પકડી ચોકબજાર પોલીસને સોંપી દીધો હતો. પોલીસે આરોપીના રિમાન્ડ મેળવી મુખ્ય સૂત્રધારોની શોધખોળ આદરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે વેડરોડ ખાતે પંડોળ શોપીંગ સેન્ટરમાં આવેલી નર્મદા માર્કેટીંગ નામની મોબાઇલ શોપમાં ગત તા.૨૧ મીની રાત્રિ દરમ્યાન ચોરી થઇ હતી. બાજુની ફુટવેર શોપની દુકાનમાં બાકોરુ પાડી તસ્કરો મોબાઇલ શોપમાંથી અલગ અલગ કંપનીના મોંઘાદાટ ૨૫૦ મોબાઇલ ચોરી નાસી ગયા હતા. ચોકબજાર પોલીસમાં ૨૦-૨૫ લાખની ચોરી અંગે ફરીયાદ નોંધાઇ હતી. પોલીસે સીસીટીવી કેમેરા ચેક કરતા મોઢા પર રૂમાલ બાંધેલી હાલતમાં ચોરી કરવા ધુસેલા તસ્કરો કેદ થયા હતા. દરમિયાન આ ચોરીનો ભેદ અમરોલી પોલીસે ઉકેલી નાંખ્યો હતો. પોલીસ કર્મીઓ ભાસ્કરભાઇ અને ચેતનભાઇને મળેલી બાતમીને આધારે કોસાડ આવાસ ખાતેથી અનિલ પ્રભુ સહાની (ઉ.વ.૧૮ રહે. કોસાડ આવાસ. મુળ યુપી.) પકડાઇ ગયો હતો. ચોરીના ૭૬ મોબાઇલ વેચવા જતા પોલીસની ઝપટે ચઢી ગયો હતો. પોલીસે ૮.૩૫ લાખના ૭૬ મોબાઇલ સાથે અનિલની ધરપકડ કરી ચોકબજાર પોલીસને કબજો સોંપી દીધો હતો. પીઆઇ ચાવડાએ અનિલના ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા છે. પૂછપરછમાં અનિલે દુકાનની બહાર પહેરો ભર્યો હતો તો તેનો ભાઇ સંજય અને મિત્ર પપ્પુ દુકાનમાં ચોરી કરવા ગયા હતા. પોલીસે બંનેની શોધખોળ આદરી છે.